પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૮ | ૧૯ નવેમ્બર, ૨૦૧૬, શનિવાર ; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


**તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૪૨ ટકા






# કાળાનાણા સામેની લડાઈ અસરકારક બનાવાશે

## કેશ વિડ્રોઅલ અને ટ્રાન્ઝીક્શનની લિમિટ નક્કી કરવા માટેની તૈયારી : જીએસટીની સાથે મળીને જોવામાં આવે તો તેની અસર જોરદાર રીતે દેખાશે : નિષ્ણાતોની પાસેથી જરૂરી અભિપ્રાય માંગવામાં આવ્યા



નવી દિલ્હી,તા. ૧૮

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ હવે મોદી સરકાર કેટલાક એવા પગલા લેવા જઈ રહી છે. સરકાર હવે રોકડ ઉપાડ, લેવડદેવડ અને કોઈ પોતાની પાસે કેટલા પૈસા રાખી શકે છે તેની એક મર્યાદા નક્કી કરી શકે છે. સૂત્રોએ કહ્યું છે કે, આ લિમિટ કંપનીઓની સાથેસાથે સામાન્ય લોકો ઉપર લાગૂ થશે. હાલમાં જ કેટલાક સિનિયર ટેક્સ અધિકારીઓ અને નિષ્ણાતો સાથે આ પગલાના સંદર્ભમાં સૂચન આપવા માટે કહેવામાં આવ્યું છે. મામલાની જાણકારી રાખનાર બે લોકોએ કહ્યું છે કે, આ મુદ્દા ઉપર સિનિયર અધિકારીઓ અને ટેક્સ નિષ્ણાતોના અભિપ્રાય માંગવામાં આવ્યા છે જેથી આવા પગલા લેવામાં આવી શકે છે. એવો પ્રશ્ન કરવામાં આવ્યો છે કે, કેશ લેવડદેવડ ઘટાડવા માટે એસઆઈટીના પ્રસ્તાવને અમલી કરી શકાય છે કે કેમ. આવા પગલા લાગૂ કરવામાં કયા પ્રકારની તકલીફનો સામનો કરવો પડી શકે છે તે હિલચાલ ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમે આ જુલાઈ મહિનામાં પોતાનો રિપોર્ટ આપી દીધો હતો જેમાં રોકડ લેવડદેવડની મર્યાદા ત્રણ લાખ રૂપિયા અને રોકડ જાળવણીની મર્યાદા ૧૫ લાખ રૂપિયા કરવાની વાતકરવામાં આવી હતી. ઈન્ડસ્ટ્રી પર નજર રાખનાર લોકોનું કહેવું છે

● અનુસંધાન પાન-૭ પર

## લોકો ફરિયાદ કરવા કોર્ટમાં જઈ જ શકે છે : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા. ૧૮

સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકારના નોટ ઉપર પ્રતિબંધની સામે અરજીઓ પર સુનાવણી કરવાથી જુદી જુદી હાઈકોર્ટ અને સબઓર્ડિનેટ કોર્ટને રોકવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, લોકો સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે જેથી તેમની ફરિયાદો અને તકલીફ નોંધાવવા માટે જુદી જુદી કોર્ટમાં જવાથી સામાન્ય લોકોને રોકી શકાય નહીં.

જો કે, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, દેશભરમાં જુદી જુદી કોર્ટમાં દાખલ કરવામાં આવેલી આ પ્રકારની તમામ અરજીઓ એક જ હાઈકોર્ટમાં રજૂ કરવા માટેની જરૂર છે. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ સામાન્ય લોકોની સમસ્યાને હળવી કરવા માટે કેન્દ્ર દ્વારા લેવામાં આવી રહેલા વિવિધ પગલાઓની માહિતી આપી હતી અને કહ્યું હતું કે, પરિસ્થિતિથી દરરોજ ઉચ્ચ સ્તરે નજર રાખવામાં આવી રહી છે. સ્થિતિને હળવી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. લોકોની લાંબી લાઈનો હવે ઓછી થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, સરકાર દ્વારા છેલ્લી સુનાવણી

● અનુસંધાન પાન-૭ પર

## લોકરો સીલ કરવા, જ્વેલરી જપ્ત કરવા કોઈ યોજના નથી

### હાલમાં ચાલી રહેલી અફવાઓનો અંત :ટ્વિટર એકાઉન્ટ પર નાણામંત્રાલય દ્વારા વિધિવત રીતે ખુલાસો કરાયો : ૨૦૦૦ની નોટ પણ બિલકુલ સુરક્ષિત



નવીદિલ્હી,તા. ૧૮

નાણામંત્રી અરુણ જેટલીએ હાલમાં ચાલી રહેલી એવી અફવાઓને ફગાવી દીધી છે કે, બેંક લોકરોને સીલ કરવાની હિલચાલ હવે હાથ ધરવામાં આવી છે. નાણામંત્રાલયે એમ પણ કહ્યું છે કે, નવી ૨૦૦૦ની નોટની શાહીને લઈને પણ ચર્ચાઓનો નાણામંત્રીએ અંત લાવી દીધો હતો. સત્તાવાર ટ્વિટર એકાઉન્ટમાં નાણા મંત્રાલયે કહ્યું છે કે, હવે બેંક લોકરો સીલ કરવામાં આવશે અને સોના, હિરા અને જ્વેલરી જપ્ત કરવામાં આવશે તેવી માત્ર અફવા છે. આવી કોઈ હિલચાલ હાથ ધરવામાં આવી નથી. આ તમામ આક્ષેપો આધારવગરના છે. બેંક લોકરોને સીલ કરવા અથવા તો જ્વેલરી જપ્ત કરવાની કોઈ હિલચાલ નથી. બેંક લોકરો સીલ કરવા અથવા તો જ્વેલરી જપ્ત કરવાની કોઈ દરખાસ્ત નથી. મંત્રાલયે એમ પણ કહ્યું છે કે, રૂપિયા ૨૦૦૦ની નોટ સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેમાં કોઈ શાહી ઉતરી રહી નથી. પ્રમાણિક નોટને ઓળખી કાઢવાની બાબતને પણ કોઈ દુવિધા નથી. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સરકારની વ્યૂહરચનાના સંદર્ભમાં મહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં સંસદીય

● અનુસંધાન પાન-૭ પર

# સતત નવમા દિવસે લાઈનો યથાવત

## અમદાવાદ એરપોર્ટ પર ટ્રાન્સફરના કાઉન્ટર : બેંકોમાં કરન્સી ન હોવાના પરિણામે સમય કરતા પહેલા બેંક બંધ કરવા માટેની ફરજ : એક્સચેંજની મર્યાદા ઘટી

અમદાવાદ, તા.૧૮

૮મી નવેંબરની મધરાતથી દેશના ચલણમાંથી જુની રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની ચલણી નોટો પાછી ખેંચવામાં આવ્યા બાદ આજે પહેલીવાર અમદાવાદ શહેરમાં નવી રૂપિયા ૫૦૦ના દરની ચલણી નોટોનો સ્ટોક આવી પહોંચ્યો છે. જો કે આ સ્ટોક હાલપુરતો સિમિત હોઈ આરબીઆઈ દ્વારા તેને શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા એટીએમમાં નાંખવા નિર્દેશ આપવામાં આવ્યો હોવાનું વિશ્વાસપાત્ર સૂત્રો તરફથી જાણવા મળ્યું છે. આ અંગેની વિગત એવી છે કે,ગત ૧૦મી નવેંબરથી દેશભરમાં એટીએમ શરૂ કરવા અંગે સરકાર તરફથી જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ એટીએમની પરિસ્થિતિ એવી બનવા પામી હતી કે,જેટલી કરન્સી તેમાં નાંખવામાં આવતી હતી તે અમુક જ સમયની અંદર પુરી થઈ જતા એટીએમના શટર પાડી દેવાની ફરજ પડતી હતી.આજે આઠ દિવસ બાદ પહેલી વાર અમદાવાદ શહેરમાં નવી રૂપિયા ૫૦૦ની ચલણી નોટોનો સ્ટોક આવી પહોંચ્યો છે. જો કે સૂત્રોના કહેવા અનુસાર,હાલની પરિસ્થિતિમાં આ સ્ટોક મર્યાદીત હોવાના કારણે શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા ૫૦ જેટલા

● અનુસંધાન પાન-૭ પર



# આજે માત્ર સિનિયર સિટિઝન્સ નોટ બદલાવી શકશે

## જમા અને ઉપાડનું કામ યથાવત ચાલશે : આંગળી ઉપર શાહીના નિશાનની શરૂઆત બાદ લાઈનો ઘટી ઘટી ગઈ છે

નવીદિલ્હી, તા. ૧૮

બેંકોમાં આવતીકાલે શનિવારે માત્ર સિનિયર સિટિઝન જ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બદલાવી શકશે. ઈન્ડિયન બેંક એસોસિએશનના ચેરમેન રાજીવ ઋષિએ કહ્યું છે કે, બેંકોમાં શનિવારના દિવસે જુની નોટ એક્સચેંજ કરી શકાશે નહીં. આ સુવિધા માત્ર વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવશે. જો કે, બેંકોમાં જમા અને ઉપાડની કામગીરી યથાવતરીતે આગળ વધશે. સરકારે જુના નોટ બદલવની મર્યાદા ૨૦૦૦ રૂપિયા કરી દીધી છે. ૮મી નવેમ્બરના દિવસે નોટ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. બીજી બાજુ નોટબંધીના મુદ્દા ઉપર છેલ્લા બે દિવસથી ભારે ધાંધલ ધમાલ થઈ ચુકી છે. ભાજપ અને સરકાર પોતે સંસદ ચલાવવાને લઈને વધારે ગંભીર દેખાઈ રહી નથી. આને લઈને ભારે હોબાળો જારી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દે સંસદમાં નિવેદન કરશે કે નહીં.

● અનુસંધાન પાન-૭ પર








